Saturday
05.11.2022
*Volume :7 * Issue No.95
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# હિમાલયની પર્વતમાળા, તેની નાજુક ઈકોલોજી અને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ આપણો અમૂલ્ય વારસો છે; આપણે તેમને આવનારી પેઢીઓ સુધી સાચવવા પડશે: રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ



કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ (૪ નવેમ્બર, ૨૦૨૨) આઈઝોલમાં મિઝોરમ વિધાનસભાના સભ્યોને સંબોધિત કર્યા હતા. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે પર્વતીય વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ વિકાસ માટે ખૂબ જ પડકારજનક છે; પરંતુ તેમ છતાં મિઝોરમે તમામ માપદંડો પર અને ખાસ કરીને માનવ વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર કામ કર્યું છે. શિક્ષણ અને આરોગ્ય સંભાળ એ સુશાસનના બે મહત્વના સ્તંભો હોવાથી, નીતિ ઘડનારાઓ અને વહીવટકર્તાઓએ આ બંને ક્ષેત્રોમાં સુવિધાઓ સુધારવા પર ભાર મૂક્યો છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આવા ક્ષેત્રની સંભવિતતાને ઓળખવામાં કનેક્ટિવિટી સૌથી મોટું પરિબળ છે. તેમણે કહ્યું કે ગ્રામીણ માર્ગો, ધોરીમાર્ગો અને પુલોનો વિકાસ માત્ર શિક્ષણ અને આરોગ્ય સંભાળના ધ્યેયો સિદ્ધ કરવામાં મદદ કરે છે, ઉપરાંત આર્થિક તકોનું સર્જન પણ કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યુ કે આ નવી ટેક્નોલોજીનો યુગ છે, જેનો ઉપયોગ લોકોને અસરકારક રીતે સેવા આપવા માટે થઈ રહ્યો છે. તેમણે સલાહ આપી હતી કે આધુનિક પદ્ધતિઓ અપનાવવાની સાથે આપણે પણ આપણા મૂળને વળગી રહેવું જોઈએ. તેમણે કહ્યું હતું કે મિઝોરમ એક આદિવાસી બહુમતી ધરાવતું રાજ્ય છે, તેથી તેણે તેના ભૂતકાળ પર નજર નાંખવી જોઈએ અને તેને સમકાલીન પ્રણાલીઓમાં સમાવિષ્ટ કરીને પૂર્વ-આધુનિક સમયગાળામાં જોવા મળતી વધુ સારી શાસન વ્યવસ્થાને પુનર્જીવિત કરવી જોઈએ. આ વર્ષે મે મહિનામાં યોજાયેલી મિઝોરમ વિધાનસભાની સુવર્ણ જયંતિનો ઉલ્લેખ કરતાં રાષ્ટ્રપતિએ કહ્યું કે વર્ષ પસાર થવા સાથે, આ ગૃહે સ્વસ્થ ચર્ચા અને પરસ્પર આદરની ભાવના સાથે કામ કરીને ચર્ચા અને લોકોની સમસ્યાઓની વ્યવસ્થા પણ વિકસાવી છે. તેને ઉકેલવાનો માર્ગ મળ્યો. રાષ્ટ્રપતિએ એ વાત પર ખુશી વ્યક્ત કરી હતી કે મિઝોરમ વિધાનસભાએ NE-VA (નેશનલ ઈ-એસેમ્બલી એપ્લિકેશન) અપનાવીને ડિજિટલ રીતે કામ કરવામાં અગ્રણી ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યુ કે મિઝોરમમાં મહિલાઓ જીવનના દરેક ક્ષેત્રમાં સશક્ત છે, પછી તે રમતગમત, સંસ્કૃતિ કે વ્યવસાય હોય. રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જાહેર જીવનમાં અને ખાસ કરીને ધારાસભાના ક્ષેત્રમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધવું જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે મિઝોરમ અને બાકીના ઉત્તર-પૂર્વનો વિકાસ પણ આપણા રાષ્ટ્રને વધુ ઉંચાઈઓ પર લઈ જવા માટે ખૂબ મહત્વ ધરાવે છે. વિશ્વ મંચ પર ભારતની સ્થિતિ મજબૂત થઈ રહી છે. આપણાં પડોશીઓ સાથેના આપણાં સંબંધો, ખાસ કરીને દક્ષિણ-પૂર્વ એશિયા સાથે, આપણાં માટે ખૂબ મૂલ્યવાન છે. એશિયા-પેસિફિક ક્ષેત્રમાં આપણાં દૂરના પડોશીઓ સાથેના આપણાં સંબંધોને મજબૂત કરવા આપણી 'એક્ટ ઈસ્ટ પોલિસી'માં ઉત્તર-પૂર્વ ક્ષેત્રને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. અગાઉ આ નીતિ આર્થિક પહેલના સ્વરૂપમાં હતી, પરંતુ હવે તેમાં વ્યૂહાત્મક અને સાંસ્કૃતિક પરિમાણો પણ ઉમેરાયા છે. તેમણે કહ્યું કે મિઝોરમને પણ આ ક્ષેત્રમાં પડોશી દેશો સાથે ભારતના જોડાણને વધારવાના પ્રયાસોમાં ફાયદો થયો છે અને યોગદાન આપ્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે જેમ જેમ વિશ્વ મંચ પર આપણો પ્રભાવ વધી રહ્યો છે, તેવી જ રીતે આપણી જવાબદારીઓ પણ વધી રહી છે. ઉદાહરણ તરીકે, આબોહવા પરિવર્તન પરની આપણી ક્રિયા લઈ લો. આપણે આમાં આગેવાની લઈ રહ્યા છીએ અને આપણે વિશ્વને બતાવ્યું છે કે પર્યાવરણીય અધોગતિની ખરાબ અસરોનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે. તેમણે કહ્યુંકે પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા માટેની આપણી ઘણી પહેલોએ સમગ્ર વિશ્વમાં આપણને ગૌરવ અપાવ્યું છે. તેથી, આપણે નાગરિકો હોઈએ, નીતિ નિર્માતા હોઈએ, કાયદાકીય કાર્યમાં કે વહીવટી ક્ષેત્રે કામ કરતા હોઈએ, ધરતીના ઘા રુઝાવવાનો પ્રયાસ કરવો જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે મિઝોરમમાં ભારતના તમામ રાજ્યોમાં સૌથી વધુ વન આવરણ છે અને તે અસાધારણ અને સમૃદ્ધ જૈવવિવિધતાનું એક આદર્શ ઘર છે. તેમણે કહ્યુ કે હિમાલયની પર્વતમાળા, તેની નાજુક ઈકોલોજી અને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ આપણો અમૂલ્ય વારસો છે; આપણે તેમને આવનારી પેઢીઓ માટે સાચવવા પડશે.

# બોટલમાં આ શું ભરીને કોર્ટમાં આવ્યો કેદી, કોર્ટને કહ્યું મચ્છરદાની રાખવાની મંજૂરી આપો

કમલમ્ ન્યુઝ,મુંબઈ

હાલમાં જ મુંબઈની સેશન કોર્ટમાં અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. હકીકતમાં જોઈએ તો, ગેંગસ્ટર એઝાઝ ઉર્ફ અજ્જૂ યુસુફ લકડાવાલા અહીં કોર્ટમાં મરેલા મચ્છરો ભરેલી એક બોટલ લઈને આવ્યો હતો. આ જોઈને સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. આખો કિસ્સો ત્યારે સમજાયો, જ્યારે આ બોટલ બતાવીને કોર્ટને અનુરોધ કર્યો કે, તે તલોજા કેન્દ્રીય જેલની અંદર મચ્છરદાનીનો ઉપયોગ કરવાનો મંજૂરી માગી રહ્યો છે અને તેના માટે કોર્ટમાં મંજૂરી આપે. જો કે, કોર્ટે આ અરજીનો અસ્વિકાર કર્યો છે. લકડાવાલાને એક કેસમાં મુંબઈની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં લાવવામાં આવ્યો હતો, જેમાં તે અને અંડરવર્લ્ડ ડોન છોટા રાજન આરોપી છે. રાજન દિલ્હીની તિહાડ કેન્દ્રીય જેલમાં બંદ છે અને વીડિયો કોન્ફ્રેસિંગ દ્વારા આ મામલાની સુનાવણીમાં હાજર થાય છે. લકડાવાલાએ કહ્યું કે જેલમાં મચ્છરોની સંખ્યા બહું વધારે છે અને ભેદભાવ કરવામાં આવી રહ્યો છે, કારણ કે ડીકે રાવ જેવા અન્ય ગેંગસ્ટરોને મચ્છરદાનીની મંજૂરી આપવામાં આવી રહી છે. જ્યારે તેમને નહોતી આપવામાં આવી રહી. લકડાવાલાએ કહ્યું કે, તેમની પાસે બે વર્ષ સુધી મચ્છરદાની હતી, પણ જેલ અધિકારીઓએ તે લઈ લીધી. સ્પેશિયલ ન્યાયાધીશ એએમ પાટિલે તલોજા સેન્ટ્રલ જેલના નિયામક દ્વારા દાખલ રિપોર્ટનું અધ્યયન કર્યું.

હકીકતમાં જેલ અધિક્ષકે મચ્છરદાની માટે લાકડાવાલા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો આકરો વિરોધ કર્યો હતો. જેલરે કહ્યુ કે, મહારાષ્ટ્ર કારાગાર નિયમ અધ્યાય ૨૬ નિયમ- ૧૭ અનુસાર કેદીઓને મચ્છરદાની બાંધવા માટે રસ્સી અને ખિલ્લા આપવી શકાતા નથી. તેમણે આગળ કહ્યું કે, કેદીની સુરક્ષા માટે નેટ આપવામાં આવતી નથી. જેલરે કહ્યું કે, કેદી ઓડોમોસ અને અન્ય મચ્છર ભગાડવાની વસ્તુનો ઉપયોગ કરી શકશે. આવી રીતે કોર્ટે તેમન અરજીનો અસ્વિકાર કર્યો હતો. ત્યાર બાદ ન્યાયાધીશ પાટિલે મચ્છરદાની માટે લકડાવાલાની દલીલે ફગાવી દેતા કહ્યું કે, તેમને મચ્છર ભગાડવા માટે ઓડોમોસ અને અન્ય ક્રીમનો ઉપયોગ કરવા માટે કહ્યું છે. આપને જણાવી દઈએ કે, મુંબઈની અલગ અલગ કોર્ટમાં તલોજા જેલના કેદીઓમાંથી મચ્છરોની ફરિયાદ આવતી રહે છે.

# મોરબી નગર પાલિકાના ચીફ ઓફિસર સંદીપસિંહ ઝાલા સસ્પેન્ડ



કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબીમાં મચ્છુ નદી પર ઝુલતો પુલ તૂટવાની દુર્ઘટનામાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે.. મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર સંદિપસિંહ ઝાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.રાજ્યના શહેરી વિકાસ વિભાગે ફરજમાં બેદરકારી બદલ કાર્યવાહી કરી છે. CM ઓફિસના રિપોર્ટ બાદ ગઈકાલે મોડી રાત્રે મોરબી પાલિકાના ચીફ ઓફિસર સંદીપ સિંહ સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વનું છે કે ઓરેવા કંપનીના બાંધકામ સાઈટ ચેક કર્યા વિના જ સંદીપ સિંહ ઝાલાએ કોન્ટ્રાક્ટ આપી દીધો હતો. સંદિપસિંહ ઝાલાની ફરજ દરમિયાન MOU કરવામાં આવ્યાં હતા. કરાર અંગેની મિનીટ્સમાં પણ સંદીપ સિંહની સહી છે. છતાં કરારમાં ઓરેવા ગ્રુપને અપાયેલા રાઈટ્સ નામે ચીફ ઓફિસર સંદીપ સિંહ ઝાલા જવાબદારીમાંથી છટકી ગયા હતા. પોલીસે પણ સંદીપ સિંહ ઝાલાની ચાર કલાક સુધી પૂછપરછ કરી હતી. મોરબીમાં ઓરેવા કંપની તથા ધાંગધ્રામાં દેવપ્રકાશ કંપનીમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે આ સર્ચ ઓપરેશનમાં ઝૂલતા પુલના સમારકામના વર્ષ ૨૦૦૭ તેમજ વર્ષ ૨૦૨૨ દરમિયાનના દસ્તાવેજ જપ્ત કરવામાં આવ્યા છે. સાથે જ કંપનીના માલિક જયસુખ પટેલ દુર્ઘટનામાં સંડોવાયેલા હોવાનું પ્રાથમિક તબક્કે સ્પષ્ટ થઈ ગયું છે અને પોલીસની ધરપકડથી બચવા જયસુખ પટેલ રાજ્ય બહાર ભાગી ગયાની આશંકા છે. જયસુખ પટેલનું છેલ્લું લોકેશન હરીદ્વારનું ટ્રેસ થયું હતું.

### દિલ્હી-NCRમાં હવા થઈ ખરાબ:

# દિલ્હીમાં BS-6 સિવાયના તમામ ડીઝલ વાહનો પર પ્રતિબંધ,ટ્રકને પણ નહી મળે એન્ટ્રી



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

દિલ્હીની હવા સતત ઝેરીલી થતી જઈ રહી છે અને હવે રાષ્ટ્રીય રાજધાનીની વાયુ ગુણવત્તા સૂચકાંક (AQI) અતિ ગંભીર શ્રેણીમાં પહોંચવાની નજીક છે, ત્યારે આવી ખતરનાક હાલતને જોતા વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગે ગુરુવારે દિલ્હી અને આજૂબાજૂના વિસ્તાર એનસીઆર જિલ્લામાં ડીઝલવાળા ફોર વ્હીલર્સ વાહનોને ચાલવા અને રાષ્ટ્રીય રાજધાનીમાં ટ્રકના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. CAQMની સાથે જ દિલ્હી-એનસીઆરમાં બગડી રહેલી ગુણવત્તાને જોતા ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના ચોથા તબક્કા અંતર્ગત કેટલાય ઉપાયો લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના અંતિમ તબક્કા અંતર્ગત પ્રદૂષણ વિરોધી ઉપાયોનો ભાગ તરીકે આ પગલું ઉઠાવ્યું છે. સીએક્યૂએમ દ્વારા જાહેર કરવામાં આવેલા એક આદેશ મુજબ, બીએસ ૬વાળા વાહનો અને જરુરી તથા ઈમરજન્સી સેવામાં ઉપયોગ લેવાતા વાહનોને છૂટ આપવામાં આવી છે. આદેશમાં એવું પણ કહેવાયુ છે કે, રાજ્ય સરકાર શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરીને બિન ઈમરજન્સી, કોમર્શિયલ ગતિવિધિયો અને સમ વિષમના આધાર પર વાહનોને ચાલવાનો નિર્ણય લઈ શકે છે. ત્યારે આવા સમયે દિલ્હીમાં ૩ લાખ ડીઝલવાળા હળવા વાહનો છે. જે બીએસ-વીઆઈ નિયમોનું પાલન નથી કરતા, જેના પર રોક લગાવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો ઘરેથી કામ કરવાની મંજૂરી પર નિર્ણય લઈ શકે છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાય રાયે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના અંતિમ તબક્કા અંતર્ગત પ્રદૂષણકારી ગતિવિધિઓ પર પ્રતિબંધ લાગૂ કરવાને લઈને આજે શુક્રવારે એક ઉચ્ચ સ્તરિય બેઠક બોલાવી છે. દિલ્હીમાં કાલે ૨૪ કલાકમાં સરેરાશ વાયુ ગુણવત્તા સૂચકાંક ૪૫૦ નોંધાઈ છે, જે અતિ ગંભીર શ્રેણીમાં પહોંચવાની નજીક છે.

દિલ્હીનું પીએમ ૨.૫ પ્રદૂષણમાં પરાલી સળગાવવાની ભાગીદારીથી ગુરુવારે વધીને ૩૮ ટકા થઈ ગયું છે, જે અત્યાર સુધીમાં આ વર્ષનું સૌથી વધારે છે. પંજાબમાં પરાલી સળગાવવાની ઘટનાઓમાં વધારો અને અનુકૂળ પરિવહન સ્તરીય હવાની ગતિના કારણે આવું થયું છે.

# પોલીસ કેટલી તત્પરતાથી કામ કરે તે જોવા IPS અધિકારીએ વેશ બદલીને લીધી પરીક્ષા



કમલમ્ ન્યુઝ,ઔરૈયા

પોલીસની તત્પરતા ચકાસવા માટે ઉત્તર પ્રદેશના એક વરિષ્ઠ મહિલા પોલીસ અધિકારીએ અનોખી રીત અપનાવી હતી અને વેશ બદલીને ઈમરજન્સી નંબર ડાયલ કરીને હથિયારબંધ લૂટની નકલી સૂચના આપી હતી. ખુશીની વાત એ છએ કે, પોલીસકર્મી આ ટેસ્ટમાં પાસ થઈ ગયા હતાં. આઈપીએસ અધિકારી ચારુ નિગમ ઔરૈયામાં પોલીસ અધિક્ષકના પદ પર તૈનાત છે. ગુરુવારે તેમને એક કુર્તો પહેર્યો અને દુપટ્ટાથી મોં ઢાંકીને ચશ્મા લગાવીને આવ્યા, જેથી સ્થળ પર હાજર કર્મચારીઓ તેમને ઓળખી શકે નહીં. ત્યાર બાદ તેમણે ઈમરજન્સી સેવા નંબર ૧૧૨ ડાયર કર્યો અને પોતાની જાતને લૂંટનો શિકાર ગણાવી. તેમણે કહ્યું કે, હું સરિતા ચૌહાણ વાત કરી રહ્યું છું અને મને બે હથિયાર બંધ લોકોએ લૂટી લીધી છે. ટ્વિટર પર ઔરૈયા પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયો અને તસ્વીરમાં IPS ચારુ નિગમે વેરાન રસ્તા પર ઊભા રહીને ફોન કરતા જોઈ શકાય છે. તેમના કોલના જવાબમાં ત્રણ પોલીસકર્મી ટીમ સાથે ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા. પોલીસ અધિકારીઓએ મહિલાની ફરિયાદ સાઁભળી અને પૂછપરછ કરી, પણ તેઓ એ નહોતા જાણતા કે તેમની જ ટોપ અધિકારી તેમના કામકાજનું નિરીક્ષણ કરી રહી છે. એક કલાક સુધી વાહનોની ચકાસણી કર્યા બાદ ટીમને અનુભવ થયો કે, ફરિયાદ કરનારી મહિલા ડરેલી અને ગભરાયેલી તેમની જ સિનિયર ઓફિસર છે. પોલીસ દ્વારા કરવામાં આવેલા આ ટ્વિટર મુજબ IPS ચારુ નિગમ સ્થાનિક પોલીસનો રિસ્પોન્સ ટાઈમ ચેક કરવા માગતા હતા, જે તેમને સંતોષજનક લાગ્યો હતો.

# ભારતના રાષ્ટ્રપતિએ આઈઝોલ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC) નોર્થ ઈસ્ટર્ન રિજનલ કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું



કમલમ્ ન્યુઝ,

શ્રીમતી દ્રૌપદી મુર્મુ, મિઝોરમની તેમની મુલાકાતે આવેલા ભારતના રાષ્ટ્રપતિએ આજે આઈઝોલ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટચૂટ ઓફ માસ કોમ્યુનિકેશન નોર્થ ઈસ્ટના કાયમી નોર્થ-ઈસ્ટ કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું. કેમ્પસ અંગ્રેજી પત્રકારત્વ અને ડિજિટલ મીડિયામાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો ઉપરાંત ટૂંકા ગાળાના મીડિયા અને સંચાર અભ્યાસક્રમો ચલાવશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC), ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા, દેશની પત્રકારત્વની પ્રીમિયર સંસ્થા છે. નવી દિલ્હીમાં મુખ્ય કેમ્પસ સાથે, IIMC પાસે ઓડિશામાં ઢેંકનાલ, મિઝોરમમાં આઈઝોલ, J&Kમાં જમ્મુ, કેરળમાં કોટ્ટયમ અને મહારાષ્ટ્રમાં અમરાવતી ખાતે પાંચ પ્રાદેશિક કેમ્પસ છે. પ્રાદેશિક કેમ્પસની સ્થાપના વિવિધ પ્રદેશોને પૂરી પાડવા અને સમગ્ર દેશમાં મીડિયા શિક્ષણની જરૂરિયાતને પહોંચી વળવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ કહ્યું, "મને ઈન્ડિયન ઈન્સ્ટિટચૂટ ઓફ માસ કોમ્યુનિકેશન, આઈઝોલના કાયમી કેમ્પસનું ઉદ્ઘાટન કરતાં આનંદ થાય છે, જે સમગ્ર ઉત્તર પૂર્વમાં મીડિયા અને સમૂહ સંચાર અભ્યાસને પ્રોત્સાહન આપશે. IIMC એ એક પ્રતિષ્ઠિત સંસ્થા છે જે ગતિશીલ શિક્ષણ અને કાર્યકારી વાતાવરણ પૂરું પાડે છે જે નવા વિચારો, સર્જનાત્મકતા, સંશોધન અને મીડિયા અને માસ કોમ્યુનિકેશનના ક્ષેત્રમાં નેતાઓ અને સંશોધકોનો વિકાસ કરે છે. "આઈઆઈએમસી નોર્થ ઈસ્ટ કેમ્પસ ૨૦૧૧માં મિઝોરમ યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી અસ્થાયી ઈમારતમાંથી કામ કરવાનું શરૂ કર્યું. કેમ્પસનું બાંધકામ ૨૦૧૫માં શરૂ થયું હતું અને ૨૦૧૯માં પૂર્ણ થયું હતું. કુલ ખર્ચ ૨૫ કરોડ રૂપિયા છે. મિઝોરમ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલી ૮ એકર જમીન પરના IIMC સ્થાયી કેમ્પસમાં હોસ્ટેલ અને સ્ટાફ ક્વાર્ટર્સ સાથે અલગ વહીવટી અને શૈક્ષણિક ઈમારતો છે. તેની શરૂઆતથી, કેમ્પસ અંગ્રેજી પત્રકારત્વમાં પીજી ડિપ્લોમા કોર્સ ઓફર કરે છે, જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ભારતના અન્ય ભાગોમાંથી અને કેટલાક ઉત્તર પૂર્વ રાજ્યોમાંથી આવે છે. આ વર્ષે, તમામ IIMC કેમ્પસમાં બીજી વખત અંગ્રેજી પત્રકારત્વમાં ટોપર થવા બદલ સંસ્થાને ગર્વ છે. કેમ્પસ તેના વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટ્સ અને તેમના પોતાના પ્રયત્નો દ્વારા દેશભરની પ્રતિષ્ઠિત મીડિયા સંસ્થાઓમાં રોજગાર સુરક્ષિત કરવા સક્ષમ બનાવે છે. વર્ષોવર્ષ, વિદ્યાર્થીઓ દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, પીટીઆઈ અને અન્ય અગ્રણી ખાનગી મીડિયા સંસ્થાઓ જેવી જાણીતી મીડિયા સંસ્થાઓમાં પોતાનું આગવું સ્થાન સ્થાપિત કરી રહ્યાં છે. ઈન્ડિયન ઈન્સ્ટિટચૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC), નવી દિલ્હીનું ઉદ્ઘાટન ૧૯૬૫માં દેશમાં અને અન્ય વિકાસશીલ દેશોમાં મીડિયા પ્રોફેશનલ્સની તાલીમની જરૂરિયાતોને પૂરી કરવા માટે કરવામાં આવ્યું હતું. ત્યારથી તે ભારતીય માહિતી સેવા માટે તાલીમ સંસ્થા તરીકે પણ કાર્યરત છે.

# રાજપીપળામાં મહારાષ્ટ્રથી ગુજરાતમાં લવાતો દારૂ પોલીસે ઝડપી પાડ્યો



કમલમ્ ન્યુઝ,નર્મદા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાની સાથેજ બુટલેગરો એક્ટિવ થયા છે. મહારાષ્ટ્રમાંથી વિદેશી દારૂનો જથ્થો એકત્ર કરવાની શરૂઆત કરી દીધી છે. જયારે બીજી બાજુ મહારાષ્ટ્ર અને ગુજરાત બે રાજ્યોને જોડતી સાગબારા બોર્ડર પર નર્મદા પોલીસ અધિક્ષક પ્રશાંત સુબે એ કડક ચેકીંગ અને વોચ રાખવાની સૂચના આપી હતી. સાથે જિલ્લામાં આવા દુષણને ડામી, પરિણામ લક્ષી કામગીરી કરવાના હુકમ કરતા નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ પટેલનાઓના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગે.કા પ્રોહીબીશન અને જુગારને નિસ્તનાબુદ કરવા કડક ઝુંબેશ હાથ ધરી છે. તથા આગામી વિધાનસભા ચુંટણી અન્વયે પોસ્ટે વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ અને સઘન વાહન ચેકિંગ કરી પરિણામલક્ષી કામગીરી કરવા માટે સાગબારા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર સી.ડી. પટેલનાઓ તથા સાગબારા પોલીસ સ્ટાફ સતત પ્રયત્નશીલ હોય છે. સાગબારા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ધવલીવેર ગામ પાસે ચોક્કસ બાતમી આધારે ચેકીંગ દરમિયાન ઈકો ગાડી પાછળની સીટ નીચે તથા ગાડીની બોડીના નીચેના ભાગે ચોર ખાના બનાવી તેમાં સંતાડેલ ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના ઈમ્પીરીયલ બ્લ્યુ કંપનીના હોલ તથા ટ્યુબર્ગ કંપનીના બીયર ટીન મળી કુલ બોટલો નંગ-૧૫૪ કિંમત રૂ. ૨૬ હજાર ૯૦૦નો પ્રોહી મુદ્દામાલ તથા ઈકો ગાડી તેમજ મોબાઈલ ફોન મળી કુલ કિંમત રૂ. ૩ લાખ ૨૬ હજાર ૯૦૦ના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી તપાસના ચક્રો ગતીમાન કરી દેવામા આવ્યા છે. તેમજ ગાડી લઈને સાગબારાના નેવડીઆંબા ગામનો જાવલા સંકર વસાવા ગાડી મૂકીને ભાગી ગયો જેને વોન્ટેડ જાહેર કર્યો છે. જ્યારે સાગબારા બક્તુરા ગામનો રમેશ રતું વસાવાને ઝડપી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

